# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુજરાત રાજ્ય, સેક્ટર-૨૧,ગાંધીનગર

"પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૫-૨૬ પરીણામ જાહેરનામું""

"Primary-Secondary Education Scholarship Exam-2025-26 Result Notification"

ક્રમાંક:રાપબો/પ્રા-મા.શિ.શિ.પ-૨૦૨૫-૨૬/પરિણામ/૨૦૨૫/૧૪૭૨૬-૮૧૩ તા.૨૩/૧૨/૨૦૨૫

વંચાણે લીધા :

1. શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક-એસસીએચ/૧૧૧૬/૫૩૯/છ, તા.૧૪/૮/૨૦૧૭
2. જાહેરનામા ક્રમાંક:રાપબો/પ્રા.મા.શિ.શિ.પ.-૨૦૨૫-૨૬/૧૩૬૯૮-૭૩૪, તા.૨૪/૦૯/૨૦૨૫

આમુખ-૨ માં દર્શાવેલ રાજ્ય પરીક્ષા બોર્ડના જાહેરનામા અન્વયે પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા-૨૦૨૫-૨૬નું તા:૨૯/૧૧/૨૦૨૫ના રોજ યોજવામાં આવેલ હતી.

આ પરીક્ષાનું પરીણામ **www.sebexam.org** પર જાહેર કરવામાં આવે છે.

❖ ક્વૉલીફાઇગ ગુણ તથા મેરીટ યાદી તૈયાર કરવા અંગેના નિયમો:

**Scholarship (PSE And SSE) 2025-26 Result Summry**

| Exam | More than 35% (42 Marks) | More than 40% (48 Marks) | More than 45% (54 Marks) | More than 50% (60 Marks) | More than 55% (66 Marks) | More than 65% (78 Marks) | More than 75% (90 Marks) | More than 85% (102 Marks) | More than 95% (114 Marks) |
|---|---|---|---|---|---|---|---|---|---|
| PSE | 54607 | 34286 | 21095 | 12708 | 7571 | 2316 | 520 | 52 | 1 |
| SSE | 42859 | 30671 | 21072 | 14133 | 9196 | 3499 | 875 | 89 | 0 |
| **Total** | **97466** | **64957** | **42167** | **26841** | **16767** | **5815** | **1395** | **141** | **1** |

- સંબંધિત પરીક્ષામાં લઘુત્તમ ગુણ ૩૫% (૪૨ ગુણ) ક્વૉલીફાઇંગ ગુણ તરીકે ગણવામાં આવે છે.
- સંબંધિત પરીક્ષામાં લઘુત્તમ ક્વૉલીફાઇંગ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓ પૈકી પ્રાથમિક શિક્ષણ શિષ્યવૃત્તિ(PSE)માં તાલુકા વાઇઝ રાજ્યનો કુલ ક્વોટા ૧૦૦૦ અને માધ્યમિક શિક્ષણ શિષ્યવૃત્તિ પરીક્ષા(SSE)માં તાલુકા વાઇઝ રાજ્યનો ક્વોટા ૨૯૦૦ (ગ્રામ્ય-૧૫૦૦, શહેરી-૧૦૦૦, ટ્રાયબલ-૪૦૦) અનુસારની સંખ્યા મુજબ મહત્તમ ગુણ મેળવનાર વિદ્યાર્થીઓનો જ મેરીટ યાદીમાં સમાવેશ કરવામાં આવે છે. તેમજ પાસ થયેલ તમામા વિદ્યાર્થીઓને માર્કશીટ-કમ-પ્રમાણપત્ર આપવામાં આવે છે.
- વિદ્યાર્થી પરીક્ષામાં મેળવેલ ગુણનું **ગુણપત્રક** **www.sebexam.org** વેબસાઇટ પર આપેલ **"Result"** ઓપ્શનમાં વિદ્યાર્થીનો બેઠક નંબર અથવા UDISE અને જન્મ તારીખ નાખી ડાઉનલોડ કરી શકશે.
- નિયત ક્વોટામાં જોગવાઇઓ મુજબ પાત્રતા ધરાવતા વિદ્યાર્થીઓને સ્કોલરશીપ મળવાપાત્ર થશે. નિયત ક્વોટામાં સમાવેશ થવા પાત્ર કટ ઓફ માર્કસની વિગતો હવે પછી વેબસાઇટ ઉપરથી જાણી શકાશે. તમામ વિદ્યાર્થીઓને માર્કશીટ-કમ-પ્રમાણપત્ર અત્રેથી દરેક જિલ્લાના તમામ તાલુકા બી.આર.સી. મારફતે મોકલવામાં આવશે.
- મેરીટમાં આવનાર વિદ્યાર્થીઓની યાદી નિયામકશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરને મોકલી આપવામાં આવશે. નિયામકશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગર દ્વારા સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તથા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી મારફતે શિષ્યવૃત્તિની ચૂકવણી કરવામાં આવશે.

સ્થળ: ગાંધીનગર

તારીખ:૨૩/૧૨/૨૦૨૫

અધ્યક્ષ

રાજ્ય પરીક્ષા બોર્ડ

ગાંધીનગર

❖ **<u>નકલ રવાના અમલાર્થે</u>**

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
  જિલ્લાના તમામ તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ તેમજ તમામ પ્રાથમિક શાળાઓને જાણ કરવા સારૂ.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
  આપના તાબા હેઠળની માધ્યમિક શાળાઓને જાણ કરવા સારૂ.
- શાસનાધિકારીશ્રી, તમામ
  આપના તાબા હેઠળની તમામ શાળાઓને જાણ કરવા સારૂ.

❖ **<u>નકલ સાદર રવાના જાણ સારૂ.</u>**

❖ માન.શિક્ષણમંત્રીશ્રી(કેબિનેટ કક્ષા)ના અંગત મદદનીશશ્રી શિક્ષણ મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ, ગાંધીનગર.

❖ માન.શિક્ષણમંત્રીશ્રી(રાજય કક્ષા)ના અંગત મદદનીશશ્રી, શિક્ષણ મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ, ગાંધીનગર.

❖ માન.અગ્ર સચિવશ્રી(પ્રાથમિક-માધ્યમિક શિક્ષણ),શિક્ષણ વિભાગ, સચિવાલય,ગાંધીનગર.

❖ કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ નિયામકની કચેરી, બ્લોક નં:-૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

❖ માન.નિયામકશ્રી શાળાઓની કચેરી, બ્લોક નં:-૯, ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

❖ માન.સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેકટરશ્રી, સર્વ શિક્ષા અભિયાનની કચેરીની કચેરી, ગાંધીનગર

❖ નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી.,ગાંધીનગર

❖ નાયબ નિયામકશ્રી,પ્રાથમિક નિયામકની કચેરી, બ્લોક નં:-૧૨/૧,ડૉ.જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

❖ જનરલ મેનેજરશ્રી, ઇન્ડેક્ષ-બી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.